# Fun with Family

Day-18 | 16 April, 2020



BAPS

આજે ''પરિવાર સંપ દિન'' ની ઉજવણી કરવાની છે. તો થઈ જાઓ તૈયાર...

## ''સંપીલું ભોજન''



આજે 'સંપ દિન' છે તેથી આખો પરિવાર સાથે ભોજન લેશું... તે પહેલા સમૂહમાં ભોજનનો શ્લોક મોટેથી બધાં જ બોલીશું... 'શ્રીમદ્ સદ્ગુણ...', 'ૐ સહનાવવતુ...'

https://bit.ly/2XEQIUY

## ''સંપ માટે આદર''



બાળમિત્રો, આજે ઘરના વડીલોને પંચાંગ પ્રણામ કરતા શીખીશું... લીંક દબાવો અને શીખો. પણ શીખ્યા બાદ બધાને સારી રીતે પંચાંગ પ્રણામ કરજો...

https://bit.ly/3a7UZNW

## ''સંપથી કરો મુખપાઠ''

ચાલો ત્યારે, આજે પણ થોડો મુખપાઠ થઈ જાય...
પણ આજનો મુખપાઠ ઘરના બધા સભ્યોએ કરવાનો છે.



''મારો સંકલ્પ - આહાર શુદ્ધિ''

ડુંગળી લસણ ખવાય નહિ, ઈંડાં-માંસ અડાય નહિ;
બજારુ ખાવું પીવું તજું, તનથી મનથી શુદ્ધ રહું.

## “સંપથી રમો ક્વીઝ”

ચાલો, થઈ જાઓ તૈયાર... ક્વીઝમાં ભાગ લઈ સ્વામીશ્રીનો રાજીપો મેળવો... આજે ઘરના બધા સભ્યોએ મળીને જવાબ આપવાનો છે...



- https://bit.ly/2Ven2ap | Guj.
- https://bit.ly/2VrxZnM | Hin.
- https://bit.ly/2XBbPC6 | Eng.

## “સંપથી બનેલી રસોઇ”

આજે પરિવારના સભ્યોએ
સંપીને એક વાનગી
બનાવવાની છે...
દા.ત. દહીંવડા, બટેટાપૌંઆ,
ઉપમા, વગેરે... જેમા
મમ્મી - શીખવાડશે.
પપ્પા - બનાવશે.
બાળ-બાલિકા - મદદ કરશે.



## “સંપ માટે સેવા”



બાળમિત્રો, આજે મમ્મી અને પપ્પાનું માથું અને પગ દબાવી તેમની સેવા કરીશું...
જેથી તેઓ આપણા પર રાજી થાય અને આપણા વચ્ચે સંપ પણ વધે...

# "V R 1"

બાળમિત્રો, આજે પરિવારના બધા સભ્યોએ એક સરખા કલરના કપડા પહેર્યા છે ને ???... તો ચાલો, હવે બધા સભ્યો એક જગ્યાએ બેસી **"V R 1"** આ વાકયને સાર્થક કરે તેવો પોઝ આપી સેલ્ફી પાડીશું... અને તે સેલ્ફી અમને મોકલવાનું ન ભૂલતા...



## ''સંપથી બનેલી વાર્તા''

**Friends**, આજે એક નવી વાર્તા તૈયાર કરવાની છે... જેનો વિષય છે 'સંપ'... પણ હા... આ વાર્તામાં આપણા ઘરના દરેક સભ્ય પાત્રરુપે આવી જવા જોઈએ... જેમનું નામ પણ ઓરીજીનલ રાખશો... અને જે પરિવારની વાર્તા સુંદર બનેલી હશે, તેમની વાર્તા આગામી અંકમાં પ્રસ્તુત કરવામાં આવશે.

**"Good Luck To All Of You"**



## ‘‘સંપ દિનની મજા’’



બાળમિત્રો, આજે ‘સંપ દિન’ માં...
બાળકો → પપ્પાના કપડાં,
બુટ, બેલ્ટ, ચશ્મા, થેલો,
હેલ્મેટ પહેરશે...
બાલિકા → મમ્મીના કપડાં,
મેકઅપ, ચંપલ, પર્સ, ચશ્મા,
ઘરેણાં, હેલ્મેટ પહેરશે...
બહુ મજા આવશે...
પણ હા... ફોટો પાડીને અમને
મોકલવાનું ન ભૂલતા...

## ‘‘સંપથી બનેલું ચિત્ર’’

બાળમિત્રો, હવે સંપથી
‘કુદરતી દશ્ય’
બનાવીશું... જેમાં...
પપ્પા → પર્વત અને ઝાડ દોરશે.
મમ્મી → નદી અને ઘર દોરશે.
ભાઈ → મંદિર દોરશે.
બહેન → સૂર્ય, પક્ષી અને
હોળી દોરશે.
જોઈએ કયા પરિવારમાં કેટલો
કલરફૂલ સંપ છે ?!?!



## ‘‘સંપથી જીત’’

ચાલો, હવે અહીં આપેલી લીંક દબાવો અને રમત શીખો...
પણ યાદ રહે... સંપથી રમશો તો જ જીત થશે...



https://bit.ly/2XKrBeh

## ‘‘સંપ - એક જ વિચાર’’

બાળમિત્રો, હવે પરિવારના સભ્યોએ કુંડાળે બેસીને નોંધ કરવાની છે કે...


૧. આપણા પરિવારમાં સંપ વધે તે માટે આપણે શું કરીશું ?
૨. આપણા પરિવારમાં ક્યારેય ઝઘડા ન થાય તે માટે આપણે શું કરીશું ?



## "સંપ અશક્ય ને શક્ય કરે"

૧. એક લીટરની પાણી ભરેલી બોટલ લો.

૨. તે બોટલને ઘરના મુખ્ય દરવાજા પાસે મૂકો.



૩. ઘરના દરેક સભ્યએ વારાફરતી આ બોટલને પોતાના જમણા હાથની પહેલી આંગળી વડે વચ્ચેથી પકડી રસોડા સુધી ઊંચકીને લઈ જવાનો પ્રયત્ન કરવો.

૪. હવે ઘરના દરેક સભ્યો એક સાથે પોતાની એક આંગળીનો ટેકો આપીને સંપથી બોટલને રસોડા સુધી ઊંચકીને લઈ જઈશું.

૫. આ રમતમાંથી આપણે શું શીખવાનું છે? તે પપ્પાને પૂછો.




## "સંપનો સંદેશ"

બાળમિત્રો, આપણો પરિવાર
એક સંપીલો પરિવાર છે..
તે જ રીતે આજનો 'Fun with
Family' નો આ અંક સ્કૂલના
પાંચ મિત્રો સુધી પહોંચાડો
અને તેમના પરિવારને પણ
સંપીલો પરિવાર બનાવો.

# "સંપીલો પરિવાર એટલે ?"

બાળમિત્રો, ગુરુહરિ મહંતસ્વામી મહારાજ આપણને
સંપ માટે ખૂબ જ સુંદર વાત કરે છે... ચાલો, સાંભળીએ... પણ હા !
આખો પરિવાર સાથે બેસી સાંભળીશું તો જરૂર સંપ વધશે...

https://bit.ly/2ygXbWg



# Story Time

## સંપની સામે સાગરની હાર





એક ટિટોડી હતી.
તે સાગર કિનારે રહે. એકવાર તેણે બે ઈંડાં મૂક્યાં. ઈંડાં જોઈ ટિડોડી ખુશ થાય અને વિચારે, 'બે-ત્રણ દિવસ પછી આમાંથી મારાં સરસ મજાનાં બચ્ચાં જન્મ લેશે!'

એકવાર ટિટોડી ક્યાંક ગઈ હતી. ત્યારે સાગરમાં ભરતી આવી. સાગરે ટિટોડીનાં ઈંડાં જોયાં અને બોલ્યો, 'આ નકામાં પંખીઓ, મન ફાવે ત્યાં ઈંડાં મૂકે છે!' અને તે ઈંડાંને ખેંચી ગયો.





ટિટોડીએ ઘરે આવીને ઈંડાં જોયાં નહીં. તે ગભરાઈને બોલી, 'હાય.... હાય.... બાપ રે ! મારાં ઈંડાં કોણ લઈ ગયું ?' તપાસ કરતાં ખ્યાલ આવ્યો કે દરિયાએ જ તેનાં ઈંડાંને ડુબાડી દીધાં છે.

**બાળમિત્રો, અહીં આપેલી વાર્તા આપણે આજે તૈયાર કરવાની છે અને Action સાથે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**

પછી ટિટોડી રડવા લાગી. અને દરિયાને બે હાથ જોડી કરગરવા લાગી, 'હે સાગર! મને મારાં ઈંડાં પાછાં આપી દે.' પણ સાગરને જરાય દયા ન આવી. તે તો હસીને ટિટોડીની મજાક ઉડાડવા લાગ્યો.





પછી તો ટિટોડીએ સૌ પંખીઓને ભેગાં કર્યાં. ગરુડ, બાજ, હંસ વગેરે નાનાં-મોટાં પંખીઓએ દરિયાને પૂરવા માંડ્યો. કાંકરા, રેતી, લાકડાં વગેરે જે કંઈ મળ્યું તે દરિયામાં નાંખવા માંડ્યું. તેનાથી ધીમે ધીમે દરિયો ભરાવા લાગ્યો !

પક્ષીઓનો સંપ જોઈ દરિયો ડરી ગયો. તેને થયું, 'ચોક્કસ... આ પંખીઓ મને પૂરી દેશે!' તે ટિટોડીનાં ઈંડાં લઈ કિનારે આવ્યો. ટિટોડીની માફી માંગી અને ઈંડાં પાછાં આપી દીધાં.





**યાદ રાખજો આ વાર્તા આજે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**

# Unity is Strength



A great war was taking place in the universe between the devas and the asuras. Each side was fighting furiously to prove that they were superior.

After a long period of horrible fighting, both the devas and asuras prayed to Brahmaji, “Brahmaji, we have fought for too long. Please end this war and help us decide which of us is superior.”






Brahmaji called both sides to his palace for a feast. This feast had a special challenge: “Your elbows will be tied straight so that you will not be able to bend you arms. You must enjoy this meal with yours arms as straight as boards,” Brahmaji announced.

**Friends, today you have to prepare this story and present it to the parents.**

The asuras looked at each other and began to eat. They would take their food with straight arms, toss it into the air and try to catch it in their mouths. Hardly any food went into their mouths and the whole room became a sticky mess.





The devas decided to sit across from each other. Then with extended arms they would take a bit of food and feed each other with their hands instead of trying to feed themselves. Each of them ate until their stomachs were full.

Brahmaji entered the hall and declared, "It is clear that the devas are superior. They are united and only those who are united can be both happy and prosperous."



**Remember, you have to perform this story in front of Mom and Dad.**

# FWF Challenge

## Next Challenge

# Coming Soon

### Wait & Watch



















Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...
"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં
રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...
તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા
ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...
નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.

https://bit.ly/3bnWysJ



# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



**ઉધરસ/છીંક આવે તો રૂમાલ રાખીને ખાશો.**



**ઘરમાં એકબીજા સભ્યોથી દૂર રહો.**



**દર ૨૦ મિનિટે સાબુથી ઘસીને હાથ ધોઈ નાંખશો.**



**ઘરની બહાર નીકળવું નહિ.**



**આંખ, મોઢું, નાકને સ્પર્શ કરવાનું ટાળો.**

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. **( 9998999209)**

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી તે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org

**પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.**
**પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ**